રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત, નવા ૧૯૬૧ કેસ

રાજ્યમાં ૨૪ કલાકમાં ૭ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૨૮૦૨૮૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૫૫૮ કેસ

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૬૧ કેસ નોંધાયા હતા. બીજી તરફ ૧૪૦૫ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૮૦,૨૮૫ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર ઘટીને ૯૫.૨૯ ટકા પર પહોંચી ચુક્યો છે.

અત્યાર સુધીમાં કુલ ૩૮,૬૪,૧૬૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬,૨૧,૧૫૮ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૪૪,૮૫,૩૧૯ લોકોને રસી આપવામાંઆવી છે. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૭૮,૭૯૬ વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિમાં રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં કોરોનાનાં કુલ ૧૯૬૧ દર્દી નોંધાયા અને રાજ્યમાંથી ૧૪૦૫ દર્દીઓ સાજા થયા. આ ઉપરાંત રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૯૫.૨૯ ટકા થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨,૮૦,૨૮૫ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં હાલ કુલ ૯૩૭૨ કોરોનાના એક્ટિવ કેસ છે. ૮૧ લોકો વેન્ટિલેટર પર છે. ૯૨૯૧ લોકો સ્ટેબલ છે.

૨,૮૦,૨૮૫ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪૪૭૩ લોકોનાં અત્યાર સુધી રાજ્યમાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં કોરોનાને કારણે આજે કુલ ૦૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનનાં ૧ અને સુરત કોર્પોરેશનનાં ૪ અને મહીસાગરમાં ૦૨ સહિત કુલ ૦૭ લોકોનાં મોત નિપજ્યાં છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હવે જ્યોતિષ કાંઈ કામ નહીં લાગે... કોરોનાની રસી બે વખત લઈ લીધા પછી ગમે ત્યારે દુકાનનું મુહૂર્ત કરી નાખજો...!!

સે-૨૯માં નવા આવાસો બાંધવાનો નિર્ણય રદ કરવા મુખ્યમંત્રીને રજુઆત

પુર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઇએ મુખ્યમત્રીને પત્ર લખ્યો

ગાંધીનગર તા ૨૫

સે-૨૯ માં વંદે માતરમ કોલોનીમાં થોડા સમય અગાઉ જ નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે હજુ પણ તેની બાજુમાં નવા ટાવરો ઉભા કરવા નિર્ણય લેવાયો છે ત્યારે સેકટરની હરિયાળી સામે ખતરો મંડરાયો હોવાનો આક્રોશ વ્યકત કરતા રહીશોએ સેકટરમાં વસતી વધારા સાથે માળખાગત સુવિધાઓ ખોરવાઈ જશે તેવી લાગણી સાથે અન્ય સેકટરોમાં આવાસો બાંધવા મુખ્યમંત્રીને રજુઆત કરી છે.

શહેરના સે-૨૯ માં સેકટરના ક્ષેત્રફળની તુલનામાં જનસંખ્યા વધી ગઈ છે. જેની સામે ગટર પાણી , રોડ નેટવર્ક તેમજ સ્ટ્રીટ લાઈટ સહીતની માળખાગત સુવિધાઓ પર્યાપ્ત નથી. શાળાઓ અને રહેણાંક વિસ્તારથી ધમધમતા આ સેકટરમાં માર્ગ સલામતીને સ્પર્શતા પણ પ્રશ્નો ગંભીર છે. આવા સંજોગોમાં નવા ટાવરો બાંધવાની યોજના હાથ ધરવા નિર્ણય લેવાયો છે. ત્યારે વર્ષો જુના ઘટાદાર વૃક્ષોનુ પણ નિકંદન વળે તેવી સ્થિતિ છે. આંબાવાડીયાના ૧૨૬ વૃક્ષોનુ નિકંદન વળે તેવી સ્થિતિ છે. સેકટરમાં નવા આવાસો બાંધવાના નિર્ણયના લીધે આરોગ્ય શિક્ષણ , સ્વચ્છતા અને સુંદરતા અને સુશોભન છીનવાઈ જાય તેવી સ્થિતિ છે. સે-૨૯ શહેરનુ ઐતિહાસિક સેકટર છે. ત્યારે નવા મકાનો બાંધવા અને વસતીનુ પ્રમાણ સેકટરમાં વધે તો અન્ય માળખાગત સુવિધાઓ પણ ખોરવાઈ જાય તેમ છે. જયારે હરિયાળી સામે પણ ખતરો મંડરાય છે. અન્ય સેકટરોમાં જર્જરિત મકાનોની સંખ્યા વધુ છે. ત્યારે આ મકાનોનો નિકાલ કરીને આ સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે નિર્ણય કરવો અનિવાર્ય છે.સેકટરમાં વંદે માતરમ -૧ ની બાજુમાં જ અન્ય ટાવરો ઉભા કરવાનો નિર્ણય રદ કરવા માટે પણ પુર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમારે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી રજુઆત કરી છે.

ખૂણેખાંચરેથી

- રાજ્ય ચૂંટણી પંચ આજે મતદાન મથકોને લઈ જિલ્લાતંત્ર સાથે ખાસ બેઠક યોજશે.
- ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગને લઈ અત્યાર સુધીમાં ૮૦૦ થી વધુ ટિકિટવાંચ્છુઓના વાંધા પ્રમાણપત્રો લઈ ગયા છે.
- મહાનગરપાલિકાના ચૂંટણી જંગને લઈ હવે ટિકિટવાંચ્છુઓ દ્વારા મતદાર યાદીની કોપી લેવા માટેનો ધસારો પણ વધવા પામ્યો છે.
- આજે રાજયના આરોગ્ય કમિશનરે કોરોનાની સ્થિતિ અને ટેસ્ટીંગની કામગીરીને લઈ સવારે અને બપોર પછી ટી.બી.ના કાર્યક્રમ અંગે વિડીયો કોન્ફરન્સ યોજી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૩૬૧ લોકોને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન વિક્રમભાઈ પટેલ અને મેને. ડિરેક્ટર વિપુલભાઈ પટેલ બન્ને કોરોનાથી સંક્રમિત થયા છે.
- જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ મનોજ લેકીનવાલા પણ કોરોનાથી સંક્રમિત થયા છે.

ઉજવણી પર પ્રતિબંધથી ફૂલોની ખેતી કરતા ખેડૂતો બેહાલ થયા

ગાંધીનગર,તા.૨૫

ધુળેટી પર્વ પર રંગ અને સુગંધ ઉડી ગયા હોય એમ લાગી રહ્યું છે ને હોળી કે રસિયા જેવા વિવિધ કાર્યક્રમોને કોરોનાનું ગ્રહણ લાગ્યું છે, ત્યારે આ વર્ષે હોળી પર્વ પર પ્રતિબંધ આવતા વેપારીઓ લાલ આંસુએ રડી રહ્યાં છે. તેમાં પણ ફૂલોના માર્કેટ પર મોટી અસર જોવા મળી રહી છે. ફૂલોથી રમાતી હોળી અને ધૂળેટીમાંથી રંગ અને સુગંધ ઊડી ગયાં છે. વૈશ્વિક મહામારી કોરોનાએ રીતસર લોકોને ભયભીત કરી દીધા છે. છેલ્લા એક વર્ષમાં એક પણ તહેવારને લોકોએ મન મૂકીને માણી શક્યા નથી. દિન પ્રતિદિન કોરોના સંક્રમિતના આંક વધતા જ જાય છે, ત્યારે રંગ પર્વને ગણતરીના દિવસો બાકી હોઈ સરકાર દ્વારા જૈં જાહેર કરાઈ છે. ફાગણ માસમાં હોળી-ધુળેટીના પર્વમાં હોળી કે રસિયા ધાર્મિક ઉત્સવ દબદબાભેર ઉજવાતો હોય છે અને આ ઉત્સવમાં વ્યાપક પ્રમાણમાં ફૂલોનો ઉપયોગ થતો હોય છે. જેથી કરીને આ તહેવાર પહેલા ખેડૂતો ફૂલોની ખેતી તરફ વળે છે. જેમાં ગલગોટા, બેરી અને ગુલાબ સહિતના ફૂલોનો ઉપયોગ થતો હોય છે. હોળી કે રસિયા જે વિસ્તારમાં ધાર્મિક ઉત્સવ ઉજવાતો હોય ત્યાં ફૂલોના કારણે મહેંક પ્રસરી જતી હોય છે. પરંતુ સરકારે ચૂંટણી પર્વ ધામધૂમપૂર્વક ઉજવી લીધા બાદ ધાર્મિક ઉત્સવ ઉપર કોરોનાનો કોરડો વિંઝી એકાએક બ્રેક લગાવી છે, જેની અસર ફૂલોની ખેતી કરતા ખેડૂતો અને વેપારીઓ પર પડી છે. ફૂલોના વ્યવસાયમાં આવેલી વ્યાપક મંદી અંગે શહેરના વિવિધ ફૂલોના વેપારીઓએ જણાવ્યું કે, દસ વર્ષ પહેલા ગોંડલ શહેર પંથક ફૂલો માટે અમદાવાદ વિસ્તાર ઉપર આધારિત હતું. છેલ્લા એક દાયકાથી ગોંડલ શહેર પંથકમાં વિવિધ ફૂલોની ખેતી થવા લાગી છે. જરૂરિયાત પ્રમાણમાં ઘર આંગણે જ ફૂલો મળી રહે છે. પરંતુ હાલ વર્તમાન સમયે વેપારીઓ અને ખેડૂતોની પરિસ્થિતિ ખૂબ ખરાબ થવા પામી છે. સરકારી પ્રતિબંધના કારણે ધાર્મિક ઉત્સવો, લગ્ન પ્રસંગો બંધ થયા છે. ફૂલોની જરૂરિયાત ઘટી છે. એક ખેડૂત અશ્વિન મોણપરાએ જણાવ્યું કે, ખેતરમાં ઉભેલા મનમોહક ફુલો ઉતારવાની મજૂરી પણ મોંઘી પડી રહી છે. ખેડૂતોને ગુલાબના ફૂલ ૫૫ રૂપિયા કિલો પડતર થાય છે, જેની સામે બજારમાં રૂપિયા ૨૦ કિલો લેખે વેચાતા હોય ૩૫ રૂપિયાની નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.

આઈઆઈટી ગાંધીનગરના વિજ્ઞાન-ગણિતના અધ્યયન '૩૦-૩૦ સ્ટેમ'ને જબ્બર પ્રતિસાદ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ખાતેની આઈઆઈટીના '૩૦-૩૦ સ્ટેમ' વિજ્ઞાન અને ગણિતના

અધ્યયનને નવું દ્રષ્ટિકોણ આપતો ઓનલાઈન શિક્ષણ પ્રોગ્રામ છે જેને વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતાપિતા અને દેશભરના તમામ વય જૂથો દ્વારા જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. સેન્ટ્રલ ફોર ક્રિએટીવ લર્નિંગ (સીસીએલ) દ્વારા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, પુણેના સહયોગથી ગાંધીનગર-આઈઆઈટીમાં શરૂ કરાયેલ સાપ્તાહિક લાઈવ શૈક્ષણિક કાર્યક્રમના હવે લગભગ ૩૮લાખ દર્શકો છે. આ કાર્યક્રમ દરમિયાન હાથ ધરવામાં આવેલા લાઈવ સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે સરેરાશ, એક એપિસોડ ચાર વ્યક્તિઓ તો ક્યારેક સંપૂર્ણ વર્ગ દ્વારા જોવામાં આવે છે.

દેશભરના સહભાગીઓ દ્વારા ચાર લાખ નોંધણીઓ સાથે આ કાર્યક્રમને દરેક ભારતીય રાજ્ય અને કેન્દ્રશાસિત કેન્દ્રોથી દર્શકો મળી રહ્યાં છે. દેશના સ્વયંસેવકો દ્વારા તેને તમિળ, કન્નડ, બંગાળી અને અંગ્રેજીમાં ડબ કરવામાં આવી રહ્યું છે. બીજી હાઈલાઈટ એ તેની સરેરાશ જોવાનો ૧૭ મિનિટનો સમય છે, જે કોઈપણ શૈક્ષણિક પ્રોગ્રામ માટે ખૂબ જ સારો છે. ઘણા શિક્ષકોએ તેમના વર્ગોમાં '૩૦-૩૦ સ્ટેમ' માં બતાવેલ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે, અને અન્ય લોકો બાળકોને ત્યાં લઈ જવા માટે શાળાઓ ખોલવાની રાહ જોઈ રહ્યા છે.

સગીરાને ભગાડી જવાના કેસમાં આરોપીને સાત વર્ષની કેદ

ગાંધીનગર તા ૨૫

સગીરાને જાર કર્મ કરવાના ઈરાદે લગ્ન કરવાની લાલચ આપી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જવાના કેસમાં ગાંધીનગરી પોસ્કો કોર્ટે આરોપીને સાત વર્ષની સજા તેમજ રૂ ૮ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. ગાંધીનગરની કોર્ટમાં સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી જયારે દલીલો અને પુરાવાને ધ્યાને લઈ પોકસો જજ કે એમ સોજીત્રાએ આ કેસના આરોપી અજીતજી અરવિંદજી ઠાકોર રહે આસોડીયા હુડકો તા કલોલને સાત વર્ષની સજા ભોગવવા હુકમ કર્યો છે.

રૂપાલ ગામે ખેતરમાં પાકના ભેલાણ મુદ્દે ચાર વ્યકિત સામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૨૫

રૂપાલ થી સરઢવ તરફ જતા માર્ગ પર આવેલા ખેતરમાં ગાયો-ભેંસોને ઘુસાડીને પાકને નુકશાન કરવા બદલ ચાર વ્યકિત સામે ફરીયાદ નોંધાઈ છે. રૂપાલ નવા મહાદેવવાળા વાસ ખાતે રહેતા રસિકભાઈ ડાહ્યાભાઈ પટેલના જણાવ્યા મુજબ તેઓ સાંજના સમયે પોતાના ખેતરમાં ગયા હતા. તે સમયે મરચાના ઉભા પાકમાં ભેલાણ થયુ હતું. પશુઓના પગલા જોઈને તેઓએ તપાસ કરતા ગામના ચાર વ્યકિતના નામ સામે આવ્યા હતા. જેમાં તેઓ બપોરના સમયે પશુધન લઈને ખેતરમાં આવ્યા હતા. આ વ્યકિત પોતાના ડોર ખેતરમાં ચરવા માટે મુકતા ઉભા પાકને નુકશાન થયુ હતું. જેથી ખેડુતે રૂપાલ ગામના રબારી વાસ ખાતે રહેતા રત્નાભાઈ ભીખાભાઈ રબારી, દયાજીભાઈ હીરાભાઈ રબારી, બબાભાઈ ખુમાભાઈ રબારી અને જીવણભાઈ કમાભાઈ રબારી સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. જેથી પેથાપુર પોલીસે ખેતરમાં ભેલાણ મુદ્દે પંચાયત વિલેજ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ડભોડા સરકારી શાળાને લેડીઝ સર્કલ ઓફ ઈન્ડિયા દ્વારા સિલાઈ મશીનનું દાન

ગાંધીનગર તાલુકાની ડભોડા સ્થિત સરકારી પ્રાથમિક શાળા તથા કન્યા શાળામાં વિવિધ રમતોના સાધનો તથા વેન્ડિંગ મશીનની મદદ કરનાર અમદાવાદની સિનર્જી લેડીઝ સર્કલ ઓફ ઈન્ડિયા સંસ્થા દ્વારા સિલાઈ મશીનનું વધુ એક દાન કરવામાં આવ્યું હતું. રામાપીરના ટેકરાની જીવન તીર્થ સંસ્થાને લેડીઝ સર્કલના ગુજરાત હેડ પાયલ તથા અમદાવાદ ૧૬૫ના ચેરપર્સન જયા પાઠક તથા વિનીતાબેનના હસ્તે સિલાઈ મશીનનું દાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાન મેળવનાર સંસ્થાએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ટુંકાવાશે નહિ : રૂપાણી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ગુજરાત વિધાનસભાનું હાલ ચાલી રહેલું અંદાજપત્ર સત્ર ટુંકાવવાની કોઈ જ વાત નથી. તેમણે આ અંગે વધુમાં જણાવ્યું કે ગૃહના કામકાજના હવે ચાર દિવસ જ બાકી રહ્યા છે અને ગૃહ નિર્ધારીત સમય મુજબ તા. ૧ એપ્રિલે જ પૂર્ણ થશે.

મુખ્યમંત્રીએ એમ પણ ઉમેર્યુ કે વિધાનસભાના કામકાજમાં હવે આવતીકાલથી હોળી-ધૂળેટીના તહેવારની ત્રણ દિવસની રજા છે. ત્યાર પછી જ્યારે ગૃહ મળશે ત્યારે બજેટ સત્રના નાણાંકીય બિલો સહિત અન્ય કાયદાકીય બિલ્સ જે બાકી છે તે પણ ગૃહમાં રજૂ થશે.

વિધાનસભા સત્ર તા.૧ એપ્રિલ-૨૦૨૧ સુધી ચાલશે જ અને સત્ર ટુંકાવવામાં આવવાનું નથી તેમ તેમણે દોહરાવ્યું હતું.

સમર્પણ કોલેજના વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન

ગાંધીનગરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ તથા પ્લેસમેન્ટ સેલ દ્વારા કોરોના કાળમાં 'ચાલો સર્જીએ સુંદર ભવિષ્ય' અંતર્ગત એક નવતર પહેલ હાથ ધરવામાં આવ્યુ છે. આ પહેલ અનુસાર વિદ્યાર્થીઓના ભવિષ્ય નિર્માણ માટે અને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળે તે હેતુથી કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેઓ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી ચુકયા છે અને હાલ ક્લાસ સંચાલકો કે વિવિધ સરકારી તથા ખાનગી સંસ્થાઓમાં હોદો ધરાવે છે તેમના દ્વારા વર્તમાન વિદ્યાર્થીઓને ઓનલાઈન માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે જે સમગ્ર સપ્તાહ દરમ્યાન આપવામાં આશે. આ કાર્યક્રમ સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ આચાર્ય ડૉ. દીપક પંડ્યા તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ અને કારકિર્દી માર્ગદર્શન અને રોજગાર સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે જેનું સંચાલન ડૉ. મનીષા રબારી અને પ્રો. સુરેન્દ્રસિંહ વાઘેલા કરી રહ્યાં છે.

બાયડ નગરપાલિકા

તાલુકા બાયડ, જી. અરવલ્લી

રાજયની નગરપાલિકાઓમાં મંજુરથયેલ મહેકમ પૈકી સફાઈ કામદારોની ખાલી પડેલ જગ્યાઓ ભરવા બાબતે નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક નપાનિ/મહેકમ-૧/સફાઈ કામદાર ભરતી/ફા.નં. ૧૪૪૧/૨૦૧૭ તા. ૨૩/૧૦/૨૦૧૭ તેમજ કમિશનરશ્રી મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક નં. કમિ/મ્યુનિ.એડી/મહેકમ-૧ / સફાઈ કામદાર ભરતી / ફા.નં. ૧૪૪૧/૨૦૧૮/૧૭૮૧૯ તા. ૧૮/૧૨/૨૦૨૦થી ભરતી કરવા અંગેની મળેલ મંજુરીના અનુસંધાને સફાઈ કામદારોની મંજુર થયેલ કુલ જગ્યાઓ પૈકી ૫૦% મુજબની ૧૨ (તેર) જગ્યાઓ ભરવાની થાય છે. જે માટે ૫ વર્ષ સુધી ફીક્સ પગારના અજમાયશી તરીકે સીધી ભરતીથી યોગ્ય લાયકાત ધરાવનારાઓ પાસેથી ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા અરજીઓ મંગાવવામાં આવે છે.

કુલ જગ્યા	બિન અનામત		સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ		અનુસુચિત જનજાતિ		આર્થિક રીતે નબળા વર્ગો		કુલ જગ્યા પૈકી વિકલાંગ ઉમેદવારો
	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	
૧૩	૦૬	૦૨	૦૨	૦૧	૦૧	૦	૦૧	૦	૦

૧. અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ સુધીમાં કચેરી સમય દરમ્યાન બાયડ નગરપાલિકા કચેરી તા. બાયડ જી. અરવલ્લીના સરનામે આર.પી.એડીથી મોકલી આપવાની રહેશે. કવર ઉપર જગ્યાનું નામ લખવાનું રહેશે, અરજી ફોર્મ વિના મુલ્યે નગરપાલિકા કચેરી સમય દરમ્યાન મેળવી શકાશે.
૨. અરજી ઉપર તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો તેમજ પછાત વર્ગ કે અનુ જાતિ કે જનજાતિનું તથા આર્થિક પછાત અંગેનું સક્ષમ ઓથોરીટીનું સર્ટીફીકેટ જોડવાનું રહેશે.
૩. અરજી સાથે જન્મનું પ્રમાણપત્ર કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અવશ્ય જોડવાનું રહેશે.
૪. ઉમેદવારોએ કઈ કેટેગરીમાં અરજી કરી છે તે અરજીમાં સ્પષ્ટ દર્શાવવાનું શહેશે.
૫. સામાન્ય અરજદારની વયમર્યાદા ૧૮ થી ૩૩ વર્ષ સુધીની રહેશે જેમાં એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. તથા સ્ત્રી ઉમેદવારોને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર છુટછાટ મળવાપાત્ર રહેશે. ઉપલી વયમર્યાદાની ગણતરી માટે જાહેરાતની તારીખ ધ્યાને લેવાની રહેશે તેમજ બાયડ નગરપાલિકામાં ફરજ બજાવતા રોજમદાર કર્મચારીઓને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહી.
૬. સમય મર્યાદા બહાર કે અધુરી વિગત દર્શાવેલ અરજી તેમજ આ જાહેરાત અગાઉ અપાયેલ અરજી રદ બાતલ ગણવામાં આવશે જે અંગે અત્રેથી કોઈ જાણ કરવામાં આવશે નહી.
૭. સફાઈ કામદારની ભરતી માટે આવેલ અરજીઓ પૈકી માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે અને તે મુજબ ભરતી કરવામાં આવશે.
૮. આ જગ્યાઓ પ્રવર્તમાન રોસ્ટર રજીસ્ટરને ધ્યાને લઈને ભરવામાં આવશે.
૯. આ જગ્યાઓનું વેતન સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર માસિક ફિક્સ પગાર અજમાયશી ૫ વર્ષ સુધી ચુકવવામાં આવશે. ૫ વર્ષ દરમ્યાન સંતોષકારક કામગીરી જણાયેથી ૫ વર્ષ પુર્ણ થયેથી નિયમિત નિમણુંકના ઓર્ડર કરવામાં આવશે.
૧૦. વિકલાંગની જગ્યા માટે વિકલાંગતાનો પ્રકાર રહેશે.
૧૧. અરજીઓ મંજુર કે નામંજુર કરવાની તેમજ આપેલ જાહેરાત સંદર્ભે અનિવાર્ય સંજોગોમાં ફેરફાર કરવાની અબાધિત સત્તા પસંદગી સમિતિની રહેશે.

સ્થળ :- બાયડ
તા. ૨૪/૦૩/૨૦૨૧

સહી/-
સાવી જી. સોની
ચીફ ઓફીસર
બાયડ નગરપાલિકા

શ્રી સ્નેહલકુમાર જે. પટેલ
પ્રમુખ
બાયડ નગરપાલિકા

નામાનિ/હિંમત/૫૬૦/૨૦૨૧

IIM-Aમાં કોરોનાના ૨૨ કેસ, ૮૦ રૂમો માઈક્રો કન્ટેન્ટમેન્ટ

કોરોનાના કહેરનો શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તાંડવ : ભારત-ઇંગ્લેન્ડ વચ્ચે ટી૨૦ મેચ દરમિયાન સ્ટેડિયમમાં જોવા ગયેલા વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસમાં કોરોના પ્રવેશ્યો

અમદાવાદ, તા. ૨૫

કોરોનાનો કહેર હવે શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તાંડવ કરી રહ્યો છે. અમદાવાદમાં આવેલ દુનિયાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં એક સાથે ૨૨ કોરોના કેસ મળી આવતા તંત્ર પણ અવાચક થઈ ગયું હતું. આ સાથે જ આઈઆઈએમના જૂના કેમ્પસમાં ૮૦ જેટલા રુમને માઈક્રો કન્ટેમેન્ટ ઝોન ઘોષિત કરવામાં આવ્યા છે. આઈઆઈએમએના અધિકારીઓએ દાવો કર્યો કે કેમ્પસમાં કોરોના ૧૨ માર્ચે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલ ટી૨૦ મેચ દરમિયાન સ્ટેડિયમમાં જોવા ગયેલ વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ્યો હતો. ૧૪ માર્ચના રોજ આ વિદ્યાર્થીઓના ગ્રુપ પૈકી ૬ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા.

આઈઆઈએમએના અધિકારીઓએ કહ્યું કે, જોકે ૨૩ માર્ચ સુધી કોઈ ખાસ કેસ નોંધાયા નહોતા પરંતુ આ દિવસે એક જ દિવસમાં ૧૧ વ્યક્તિઓ કોરોના પોઝિટિવ આવ્યા હતા. જોકે આમ અચાનક કોરોના કેસ વધવા પાછળ જૂના કેમ્પસમાં આવેલ પીજીપી-૨ના વિદ્યાર્થીઓએ નામ ન આપવાની શરતે આરોપ મુકતા કહ્યું કે ઈન્સ્ટિટ્યુટ દ્વારા આ પોઝિટિવ વિદ્યાર્થીઓને ન તો આઈસોલેટેડ કરવામાં આવ્યા હતા ન તેમને ૧૮-૧૯ માર્ચના રોજ યોજાયેલ ઓફ લાઈન એક્ઝામમાં બેસવાથી રોકવામાં આવ્યા હતા. જેના કારણે કોરોના સંક્રમિતો બીજા બધાના સંપર્કમાં આવ્યા હતા અને તમામ વિદ્યાર્થીઓના આરોગ્ય સામે જોખમ ઊભું થયું હતું.

વિદ્યાર્થીઓએ દાવો કર્યો કે ૧૮થી ૨૦ માર્ચ દરમિયાન ૬ પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેના પહેલા આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં ૫-૬ જેટલા વિદ્યાર્થીઓ પોઝિટિવ આવ્યા હતા. અને બીજા દિવસે પણ ટેસ્ટમાં પાંચ કરતા વધુ વિદ્યાર્થીઓ પોઝિટિવ આવ્યા હતા. તેમને પરીક્ષા પછી જ આઈસોલેટ કરાયા હતા. જેના કારણે બધા વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે ચેડા થયા છે. જોકે આઈઆઈએમએની અધિકારીઓ દ્વારા આ દાવાને પોકળ અને જૂઠો જણાવી ફગાવી દેવામાં આવ્યો છે.

આઈઆઈએમએના અધિકારીઓએ જણાવ્યું કે, ૧૨ માર્ચના રોજ કેટલાક વિદ્યાર્થીઓ મેચ જોવા માટે સ્ટેડિયમમાં પહોંચ્યા હતા. જે બાદ તેઓ ૧૬ માર્ચના રોજ પોઝિટિવ આવ્યા હતા. જે બાદ મંગળવાર સુધીમાં આ આંકડો ૨૨ પહો પહોંચ્યો હતો જેમાં વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને તેના પરિવારજનો સામેલ છે. જેવો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો કે હોસ્ટેલના વોર્ડને તમામ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે તેઓ બહાર જઈ શકશે નહીં અને પોતાની તમામ જરુરિયાતની વસ્તુઓ લઈને ક્વોરન્ટિન હોસ્ટેલમાં રહેવા જાય.

આ સાથે એવો પણ દાવો આઈઆઈએમએ દ્વારા કરવામાં આવ્યો કે, પોઝિટિવ રિપોર્ટ આવ્યા પછી ૧ કલાકમાં જ વિદ્યાર્થીઓને ક્વોરન્ટિન હોસ્ટેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને તેવા કોઈ પણ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા ન હતા. કેટલાક વિદ્યાર્થીઓએ બેસવા દેવામાં આવે તેવી અપીલ કરતા કહ્યું હતું કે તેઓ કોઈ ગંભીર અસર અનુભવી રહ્યા નથી અને બિલકુલ રીતે સારું અનુભવ કરી રહ્યા છે. જોકે તેમની આ અપીલને પણ નકારી કાઢવામાં આવી હતી. જેથી આ પ્રકારના કોઈપણ દાવાઓ કે કોરોના પોઝિટિવ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવા દેવામાં આવતા કેમ્પસમાં કોરોના ફેલાયો છે તે બિલકુલ ખોટા છે.

આઈઆઈએમએમાં કેસ વધતા કોર્પોરેશન દ્વારા સર્વેલન્સ અને ટેસ્ટિંગને વધારીને કોરોના સંક્રમણને ફેલાતું નિયંત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેના માટે ૮૦ જેટલા માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે.